ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત


# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY — GOVERNMENT OF GUJARAT

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org


**<u>અખબારી યાદી</u>**

તા:૨૬/૦૮/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી,

................................,
ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા
## ડૉ.વિક્રમ સારાભાઈ ની જન્મજયંતિની ઉજવણી કરાઇ.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર છેલ્લા ૧૪ વર્ષથી ભાવનગર શહેર તથા જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતરમાધ્યમિક શાળાઓ, કોલેજો, વિવિધ મહિલા મંડળો તથા ખેડુતો માટે અનેકવિધ કાર્યક્રમો તથા જુદા જુદા વૈજ્ઞાનિક દિવસોની ઉજવણી દ્વારા વિકસતા વિજ્ઞાનની સમજુતિ સાથે વૈજ્ઞાનિક અભીગમ કેળવાય તેવા સતત પ્રયત્નો કરી રહયું છે.

તા. ૧૨ ઓગસ્ટ ના રોજ અવકાશ વિજ્ઞાનના પ્રણેતા ડૉ.વિક્રમ સારાભાઈ ની ૯૮મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી રહેલ છે. જેના અનુંસંધાને નંદકુવરબા ક્ષત્રીય કન્યા વિદ્યાલય, ભાવનગર કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરની મુલાકાતે આવી હતી. મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રના મલ્ટીમિડીયા થીએટરમાં ડૉ.વિક્રમ સારાભાઈના જીવન ચરીત્ર અને તેમની દીર્ઘદ્રષ્ટિ પર આધારિત ફિલ્મ બતાવવામાં આવી હતી.

ત્યાર બાદ વિદ્યાર્થીઓને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર પર રહેલા ગણીત – વિજ્ઞાનના મોડેલ્સ, સેન્સરથી ચાલતા મોડેલ્સ, સાયન્ટીફીક મુવી શો વગેરે નીહાળી આનંદ અને ઉત્સાહ પૂર્વક વિજ્ઞાનને પોતાના રસનો વિષય બનાવે છે.

નંદકુવરબા ક્ષત્રીય કન્યા વિદ્યાલય, ભાવનગરમાંથી પધારેલ ૭૦ વિદ્યાર્થીઓ અને શીક્ષકોએ સમગ્ર કાર્યક્રમનો લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના ચેરમેન ડૉ.ભાવેશભાઈ ભરાડે કરેલ કાર્યક્રમને સફળ બનાવવા લોક વિજ્ઞાન કેન્દ્રની ટીમે ભારે જહેમત ઉઠાવેલ.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર